## સૌરાષ્ટ્રમાં નર્મદા યાત્રાને મળતો નબળો પ્રતિસાદ

### ▸ગુંદાના ગ્રામજનોએ યાત્રાનો વિરોધ કર્યો

*રાજકોટ:* સૌરાષ્ટ્રમાં નર્મદારથનો ઠેરઠેર વિરોધ થઈ રહ્યો છે તેમ જ નર્મદા યાત્રાને લોકોનો નબળો પ્રતિસાદ મળી રહ્યો છે. ભાણવડ તાલુકાના ગુંદા ગામે ગ્રામજનોએ નર્મદા રથનો ભારે વિરોધ કરાયો હતો તેમ જ સાજડિયારી, કાલાવડ, રૂપામોરા, રોજીવાડા, નવાગામ સહિત અનેક ગામોમાં નર્મદા યાત્રાનો કાર્યક્રમ ફ્લોપ રહ્યો હતો. નર્મદા રથ મહોત્સવ-૨૦૧૭નો ભાણવડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોથી પ્રારંભ કરવામાં આવતા સરકાર માટે પ્રથમ ગ્રાસે જ મક્ષિકા જેવો ઘાટ સર્જાયો હતો. ભાણવડ તાલુકાના ગુંદલા ગામેથી નર્મદા રથ મહોત્સવનો પ્રારંભ થયા બાદ સાજડીયારી, કંટ્રોલીયા, રેટાં કાલાવડ, સણખલા, રૂપામોરા, જામ રોજીવાડા, નવાગામ, સેવક દેવરિયા, તેમજ છેલ્લો ગુંદામાં રાત્રી રોકાણનું નક્કી હતું પરંતુ ઉપરોકત ગામોમાંથી કેટલાક ગામોમાં અગાઉના ભાજપના કાર્યક્રમોમાં જોવા મળતી જનમેદની જોવા મળી ન હતી. જ્યારે વિકાસની બાબતમાં ભાણવડ શહેરને પણ ટક્કર મારે એવા ગુંદાગામમાં તો નર્મદા રથના આગમન પહેલા જ ગ્રામજનોએ ગામ બંધ રાખી ટાયરો સળગાવી સૂત્રોચ્ચારો સાથે વિરોધ પ્રદર્શન કરવાનું શરૂ કરી દેવામાં આવતા પહેલા પોલીસ નિરીક્ષણ માટે ગઈ હતી. જેને પણ ગ્રામજનોએ ઘેરાવ કરતા વધુ બે પોલીસની ગાડી મોકલવામાં આવી હતી, પરંતુ ગુંદાના લોકોએ ગામના પાદરે જ આ પોલીસ વાહનોને અટકાવી ગામમાં પ્રવેશવા દીધા ન હતા. પરિસ્થિતિ પામી ગયેલા રથયાત્રાના આયોજકોએ રથયાત્રાને ગુંદામાં લઈ જવાનો કાર્યક્રમ જ રદ કરી નાખ્યો હતો અને અગાઉથી નિર્ધારીત કાર્યક્રમમાં પણ ફેરફાર કરવાની ફરજ પડી હતી. પહેલા જે નર્મદા રથનું ગુંદામાં રોકાણ કરવાનું હતું તે હવે રૂપામોરામાં રોકાશે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વીમો, વીજળી, જમીન-માપણીમાં અક્ષમ્ય ક્ષતિઓ તેમ જ ભ્રષ્ટાચાર જેવા અનેક મુદ્દાઓને કારણે ખેડૂતોમાં રોષ હોઈ આ નર્મદા રથ મહોત્સવનો વિરોધ કર્યો હતો જ્યારે પાટીદારોની વસ્તી વાળા ગામોમાં અનામતનો મુદ્દો વિરોધનું મૂળ રહ્યો હતો. ■

## લખતર, બરવાળા અને બાબરામાં દોઢ ઇંચ વરસાદઃ વીજળી પડતા બે બળદનાં મોત

*રાજકોટ:* સૌરાષ્ટ્રમાં શ્રાદ્ધપક્ષમાં વાતાવરણમાં ફરી પલટો આવ્યો હતો. ગત રાત્રે સુરેન્દ્રનગરના લખતર, બોટાદના બરવાળા અને અમરેલીના બાબરા ખાતે દોઢ ઇંચ વરસાદ પડ્યો હતો. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં સોમવાર બપોર બાદથી હવામાનમાં પલટો આવ્યા બાદ મેઘરાજા છૂટાછવાયા વિસ્તારોમાં વરસી જાય છે. જેના કારણે પાકને ફાયદો પણ થાય છે. આવા વરસાદી વાતાવરણ વચ્ચે પણ આખો દિવસ ઉકળાટનો માહોલ બરકરાર રહે છે. મંગળવારની મોડી રાત્રીનાં પણ મેઘરાજા મહેર બાદ થયા હતાં. અને ઝાપટાથી માંડીને ગાજવીજ સાથે દોઢ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાના લખતર, બોટાદના બરવાળા અને અમરેલીના બાબરામાં દોઢ ઇંચ વરસાદ પડયો હતો. જ્યારે સવારે ગીર સોમનાથના ગીરગઢડામાં અડધો ઇંચ અને ભાવનગરના ઉમરાળામાં વરસાદી ઝાપટાં પડયા હતાં. અમરેલીનાં લીલીયાના ગાગડિયા નદીમાં પૂર આવતા ક્રાકચ ગામના બે બળદ પૂરના પાણીમાં તણાયા હતાં. ઉપરવાસમાં વહેલી સવારે ભારે વરસાદ પડતા સવારે નદીમાં પૂરના પાણી પહોંચ્યા હતાં. લિલિયા - ગારીયાધારના માર્ગ પર પાણી ભરાતાં વાહન ચાલકોએ અગવડતા ભોગવવી પડી હતી. જોકે, બાદમાં પાણી ઓસરવાના શરૂ થયા હતાં. બગસરાના નાના આંકડિયામાં વરસાદ અને વાતાવરણમાં પલટો આવેલ રાત્રે અમરેલી જિલ્લાના બગસરાના નાના આંકડિયામાં વરસાદ પડ્યો હતો અને વાતાવરણમાં પલટો આવ્યો હતો. જ્યારે ગોંડલના રામોદમાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં વરસાદ વરસ્યો હતો અને જેસર રોડ પરની પટેલ સોસાયટીમાં વીજળી પડી હતી. જોકે જાનહાનિ કે નુકસાન નથી. ભાવનગર જિલ્લામાં અસહ્ય ગરમી અને ઉકળાટ બાદ બીજા દિવસે પણ બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. મેઘાડંબર અને ગાજવીજના માહોલમાં સિહોર પંથકમાં વધુ બે સ્થળે વીજળી પડતાં બે બળદના મોત થયા હતાં. જિલ્લાના સિહોર સહિતના પંથકમાં બપોર બાદ ગાજવીજ સાથે વરસાદી માહોલ સર્જાયો હતો. સિહોર તાલુકાના દેવગાણા ગામની સીમમાં આવેલ દિપસંગભાઈ હમલભાઈ ચૌહાણની વાડીમાં વીજળી પડતાં બે બળદનાં મોત નીપજ્યાં હતાં. આ ઉપરાંત બોરડી ગામના વાડી વિસ્તારમાં પણ વીજળી પડી હતી, સદ્‌નસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. ■

## નડિયાદ નર્સિંગ છાત્રા અપમૃત્યુ કેસઃ બોયફ્રેન્ડ જયનું મેડિકલ ચેકઅપ કરાયું

*નડિયાદ:* નડિયાદમાં નર્સિંગમાં અભ્યાસ કરતી યુવતીએ કર્મવીર સામ્રાજ્ય નામના લક્ઝુરીયસ ફ્લેટના નવમાં માળેથી મોતની છલાંગ લગાવી કરેલા ચકચારી સુસાઇડ પ્રકરણમાં પોલીસે યુવતીના બોયફ્રેન્ડ જય પંચાલને નડિયાદ તથા અમદાવાદ ખાતે મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું. તો બીજી બાજુ જ્યાં આ બનાવ બન્યો હતો, તે લક્ઝુરીયસ સામ્રાજયના ૯૦૧ નંબરના ફ્લેટની ગઇરાત્રે પોલીસે તલાશી લીધી હતી. જેમાં અડધી ભરેલી એક તથા બીજી પાંચ દારૂની ખાલી બોટલો મળી આવી છે. દિનશા પટેલ નર્સિંગમાં હોસ્ટેલમાં રહી તાજેતરમાં જ બીએસસી નર્સિંગનો અભ્યાસ પૂર્ણ કરનાર આશરે ૨૨ વર્ષીય કલ્પના પ્રવિણભાઇ રોહિતે શહેરના વીકેવી રોડ પરના કર્મવીર લક્ઝુરીયસ સામ્રાજ્યના નવમા માળેથી રવિવારની મોડીરાત્રે ઝંપલાવી મોતને વ્હાલું કર્યા બાદ અનેક તર્કવિતર્કો થઇ રહ્યા છે. જોકે, આ ઘટના હત્યા છે કે આત્મહત્યા તે બાબતે પોલીસ ઘટનાના ૪૮ કલાક બાદ પણ નિષ્કર્ષ પર પહોંચી નથી. આ કિસ્સામાં યુવતીનો બોયફ્રેન્ડ અને નડિયાદ નજીકની રાજહંસ મલ્ટીપ્લેક્સ સિનેમાના મેનેજર જય જયેશભાઇ પંચાલની શંકા આધારે અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે. બીજી તરફ યુવતીની લાશ આગળ મળેલા કોન્ડમ સંદર્ભે પોલીસે દ્વારા તેને મેડિકલ ચેકઅપ માટે નડિયાદ અને અમદાવાદ સિવિલમાં લઇ જવામાં આવ્યો હતો. આ ડૉક્ટરે જય પંચાલને સપ્ટેમ્બર માસથી જ આ ફ્લેટ ભાડે આપ્યો હતો. જ્યાં દારૂની બોટલ, ખાલી તથા ઉપયોગ કરેલા કોન્ડમ, વાયેગ્રા સહિત બીજી અનેક વાંધાજનક વસ્તુઓ મળતા આ ફ્લેટ માત્ર મોજમસ્તી અને રંગરેલીયા મનાવવા માટે જ રાખ્યો હોવાનું સ્પષ્ટ થયું છે. ■



**લાખોના દારૂની હેરાફેરી, પોલીસે પકડી ૩૦૦ પેટી**

ધાનેરા પોલીસ સ્ટાફ સાથે નેનાવા ગામે વાહન ચેકિંગમાં હતા તે સમય દરમિયાન રાજસ્થાન તરફથી આવી રહેલી ટ્રક નંબર આરજે ૩૧ જીએ. ૪૧૬૦ નો ડ્રાઈવર પોલીસ જોઈ ગાડી મૂકી ફરાર થઈ ગયો હતો ત્યારે પોલીસે ગાડીની તલાશી લેતા ગાડીમાં ગવારના ભૂકા નીચે સંતાડેલી વિદેશી દારૂની પેટી નંગ ૨૯૦ જેની કિંમત રૂપિયા ૧૨ લાખ ૮૪ હજાર અને ગાડીની કિંમત ૧૫ લાખ કુલ મળી ૨૭ લાખ ૮૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બગસરામાં માર્ગોનાં કામમાં ખુલ્લેઆમ વીજચોરી?

*બગસરા:* બગસરા શહેરમાં અનેક રસ્તાઓના કામ મંજૂર થતા કોન્ટ્રાકટ મેળવનાર એજન્સીઓ દ્વારા કામ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં મોટાભાગના સ્થળે વીજના સીધા જ કનેકશન લઇને ખુલ્લેઆમ વીજચોરી કરી રહ્યા છે. પરંતુ વીજ વિભાગના મૌનને કારણે પી .જી. વી. સી એલ. ના અધિકારીઓની સાંઠગાંઠની પણ શંકા સેવાઈ રહી છે. વિગત અનુસાર બગસરા શહેરમાં લગભગ મોટાભાગના વિસ્તારોમાં રોડના કામ નગરપાલિકા દ્વારા મંજૂર કરવામાં આવતા અલગ અલગ એજન્સીઓ દ્વારા આ કામ શરૂ કરવામાં આવ્યા હતા. જેમાં લાઈટની જરૂરિયાત પડતી હોય છે જે માટે એજન્સીને નાણાં ભરીને હંગામી કનેક્શન મેળવવાનું હોય છે, પરંતુ આવી વિધિમાં પડવાને બદલે આ એજન્સીઓ દ્વારા સીધુ જ થાંભલા પરથી જોડાણ લઈને બગસરાના અમરપરા વિસ્તાર, ગોકુલપરા ખુલ્લેઆમ વીજચોરી શરૂ કરી દીધી છે.

પી .જી. વી. સી. એલ કચેરીના કોઈ પણ પ્રકારના ડર વગર ધોળા દિવસે પણ વીજ ચોરી કરવામાં આવે છે. આ અગાઉ પણ અવારનવાર આવા એજન્સીઓ દ્વારા કરવામાં આવતી વીજચોરી બાબતે અહેવાલ પ્રકાશિત થયા હોવા છતાં વીજ કચેરી તેના વિરુદ્ધ પગલાં લેવાને બદલે વિકાસના નામે તેમનો બચાવ કરવાનો પ્રયાસ કરતી જોવા મળી હતી. એજન્સી દ્વારા કામ દરમિયાન કરવામાં આવતી વીજચોરી આખરે તો લોકોને ભાગ્યે જ આવે છે. કારણ કે જે વીજલોસ થાય છે તે સરેરાશ કરીને તે જ વિસ્તારના લોકો પર તેનું ભારણ આવી પડે છે. અન્યથા વિસ્તારમાં વીજલોસનું ચેકિંગ આદરીને મોટી રકમના બીલ ફટકારી દેવામાં આવે છે. ■

## પોરબંદરમાં આરટીઆઈ કાર્યકર પર હુમલોઃ ભાજપના આગેવાનો સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*પોરબંદર:* શહેરમાં આરટીઆઈ કાર્યકર પ્રફુલ બી. દત્તાણી પર કેટલાક શખસે જીવલેણ હુમલો કરતા દત્તાણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે આ બનાવમાં ભાજપના અગ્રણી અજય બાપોદરા અને નાગાજણ મોઢવાડિયા સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. આરટીઆઈ એકટીવીસ્ટ કાર્યકર પ્રફુલ ભગવાનજીભાઈ દત્તાણી ઉપર સાંજે કેટલાંક શખ્સોએ હુમલો કરી ઇજા પહોંચાડતા તેમને ભાવસિંહજી સરકારી હૉસ્પિટલે ખસેડાયેલ અને હોસ્પિટલેથી પ્રફુલ દત્તાણીએ પોલીસ સમક્ષ હુમલો કરનાર ભાજપના અજય બાપોદરા અને નાગાજણ મોઢવાડિયા સામે ફરીયાદ નોંધાવતા બંને સામે કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ફરિયાદમાં જણાવ્યું હતું કે અજયએ ગાળો આપી પિસ્તોલ જેવું હથિયાર બતાવીને મારી નાખવાની ધમકી આપી હતી. નાગાજણે લાકડાના પાટિયા વડે હુમલો કરીને હાથ-પગમાં ઇજા કરી હતી. બંને આરોપી સામે પોલીસે ગુનો નોંધ્યો હતો. થોડા સમય પહેલા નગરપાલિકામાં ભ્રષ્ટાચાર સંબંધે સોશિયલ મીડિયામાં મેસેજ વાઇરલ થયેલા આંકડા પણ દર્શાવેલા હતાં આ માહિતી પ્રફુલ દત્તાણીને ધ્યાને આવતા તેમણે લાંચ રૂશ્વત ખાતું અમદાવાદને લેખિત રજૂઆત કરી હતી જેના પગલે શહેરી વિકાસ ખાતાને પગલા લેવા સૂચના મળી હતી. આરટીઆઈ એકટીવીસ્ટ પ્રફુલ દત્તાણીએ અગાઉ જિલ્લા કલેકટર અને જાહેર માહિતી અધિકારી પાસે જાહેર માહિતી અધિનીયમ મુજબ અરજી કરીને ખનિજ સંપત્તિ રોયલ્ટી ચોરી તથા દંડકીય કાર્યવાહી, ચાર્જશીટની વિગતો માગી હતી. ખનિજ રોયલ્ટી ચોરીમાં બાબુભાઇ બોખીરિયા સામે નોંધાયેલી ફરીયાદ બાદતે સમયે ન્યાયકીય પ્રક્રિયા થઈ અને ટ્રાયલ કોર્ટ દ્વારા સજા ફરમાવવામાં આવી હતી અને રોયલ્ટી કરચોરીમાં દંડકીય રકમ વસૂલવા સરકારી કામગીરી તેમ જ આ રકમ સળંગ કે હપ્તા દ્વારા ભરવી અને કેટલો સમય વ્યાજ વસુલાત વગેરે માહિતી માગી હતી જેના પગલે આરટીઆઈ એકિવીસ્ટ ઉપર હુમલો થયાની અનેકવિધ ચર્ચા થઇ રહી છે. પોરબંદરમાં ભુતકાળમાં રાજકીય ઇશારે અનેક વખત હુમલા થયેલ. સામાજિક કાર્યકર ભગુભાઇ દેવાણી અગાઉ દારૂ વેચાણ બંધ કરાવવા ઝુંબેશ, જમીન ઉપર પેશકદમી અને હોટલના નિયમ વિરુદ્ધ બાંધકામ સામે અવાજ ઉઠાવ્યો ત્યારે તેમને માર મારી ઇજા કરતા હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. ભાજપના પૂર્વ મહામંત્રી નરેન્દ્ર અત્રી નબળા વર્ગને ન્યાય અપાવવા અવાજ ઉઠાવેલ અને ત્યારબાદ તેમની હત્યા થઇ ગઇ હતી. ■

## ઠાસરાના પ્રાંત અધિકારીનો હુકમઃ ડાકોર રણછોડજી મંદિરના ભોજનાલયનું લાઈસન્સ રદ્દ

*નડિયાદ:* ડાકોરમાં આવેલ ભોજનાલય અને અતિથિગૃહના પરવાનામાં એજન્ટનું નામ બદલવાની કાર્યવાહી ન કરાતા ઠાસરાના પ્રાંત અધિકારી દ્વારા લાઈસન્સ રદ કરવાનો હુકમ કરાયો હતો. તંત્રની આડોડાઇના કારણે ડાકોર આવતા યાત્રિકોને મંદિરના આ ભોજનાલયમાંથી મફત તથા રાહતદરે મળતા ભોજનની સુવિધા છીનવાઇ છે. મંગળવાર સાંજથી મંદિર સત્તાવાળાઓને કામચલાઉ ધોરણે આ ભોજનલય બંધ કરવાની ફરજ પડી છે. ડાકોરમાં કંકુ દરવાજા બહાર ભોજનાલય તથા અતિથિગૃહ ચલાવવા માટે ડાકોર મંદિરને પરવાનો આપવામાં આવ્યો હતો. આ ભોજનાલયમાં યાત્રિકોને સસ્તા દર સવાર-સાંજ ભોજન આપવામાં આવતું હતું. ઉપરાંત થોડા દિવસ પહેલાં સવારના સમયે યાત્રિકોને આ ભોજનલાયમાં મફત ભોજન પીરસવાની પણ સુવિધા કરવામાં આવી હતી. જેનો મોટી સંખ્યામાં યાત્રિકો લાભ લેતા હતા, ત્યાં અગાઉના રેકર્ડના આધારે ઠાસરાના પ્રાંત અધિકારી અનિલ રાણાવસીયાએ લાયસન્સ રદ કરવાનો હુકમ કર્યો હતો. છેલ્લા કેટલાક સમયથી સુનિલભાઇ વિષ્ણુભાઇ પટેલ તેમના માણસ મારફતે આ ભોજનાલયનું સંચાલન કરાવતા હતા, પરંતુ સુનિલભાઇનું એજન્ટ તરીકે નામ બદલવા માટે કોઇ કાર્યવાહી પરવાનેદાર તરફથી કરવામાં આવી ન હોવાનું જણાવી પ્રાંત અધિકારીએ જણાવી ભોજનાલયનું લાયસન્સ રદ કરવાનો હુકમ કર્યો હતો. આ અંગે મંદિર સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે ભોજનલાય અને અતિથિગૃહના લાયસન્સ સંદર્ભે નિયમ મુજબ કાર્યવાહી કરી શક્ય એટલા ઝડપથી ચાલુ કરવા અને યાત્રિકોને ફરી ભોજનની સુવિધા મળતી થાય તે દિશામાં કાર્યવાહી કરવામાં આવશે. ■

## મધ્યાહ્‌ન ભોજન યોજનાના કર્મચારી વેતનથી વંચિત

*સુરેન્દ્રનગર:* મધ્યાહ્‌ન ભોજન યોજના હેઠળ અનેક કર્મચારીઓ કામ કરે છે, પરંતુ કામના કલાકની સામે કર્મચારીઓને લઘુત્તમ વેતન મુજબનો પણ પગાર મળતા કર્મચારીઓમાં રોષ ફેલાયો છે. કર્મચારીઓએ રેલી યોજી કલેકટરને વેતન વધારવા માગ કરી હતી. સુરેન્દ્રનગર જિલ્લાની વિવિધ સરકારી શાળાઓમાં મધ્યાહ્‌ન ભોજન યોજના કાર્યરત છે. આથી સુરેન્દ્રનગર જિલ્લા મધ્યાહ્‌ન ભોજન યોજના કર્મચારી મંડળના નેજા હેઠળ મધ્યાહ્‌ન ભોજન યોજનાના કર્મચારીઓએ રેલી યોજી કલેકટર કચેરીમાં આવેદનપત્ર સુપરત કર્યું હતું. જેમાં ૧૯૮૪થી કામ કરતા કર્મચારીને કાયમી કરવા, લઘુત્તમ વેતન મુજબ વેતન આપવા માગ કરાઇ હતી. ઉપરાંત સવારના ૯-૩૦થી સાંજના ૫-૩૦ સુધી કામ કરતા કર્મચારીઓને કામના કલાકોની સામે યોગ્ય વેતન મળતું હોવાની રજૂઆત કરાઇ હતી. ઉપરાંત સરકાર તરફથી શૈક્ષણિક, ચૂંટણી, પુરવઠા, આધારકાર્ડ, ઉજવલા યોજના, સમાજ સુરક્ષા જેવી કામગીરી પણ મધ્યાહ્‌ન ભોજન યોજનાના કર્મચારીઓ પાસે કરાવાતી હોવાનું જણાવાયું હતું. સરકાર દ્વારા યોજના એનજીઓને સોંપવાની હિલચાલનો વિરોધ કરી કર્મચારીઓએ રોજીરોટી છીનવાઇ જવાનો ભય પણ વ્યકત કર્યો હતો.

## ભુજમાં પત્નીના વિયોગમાં પતિએ ગળેફાંસો ખાઇ આપઘાત કર્યો

*ભુજ- મુન્દ્રા:* ભુજમાં પત્નીના વિયોગમાં પતિએ ગળેફાંસો ખાઈ ફાની દુનિયાને અલવિદા આપી દીધી હતી .તો બીજી તરફ મુંદરાના ટપ્પર ગામે આર્થિક સંકડામણથી ત્રસ્ત ૩૪ વર્ષીય યુવકે ઝેર પીને આપઘાત કરી લીધો હતો યુવાનના મોતથી તેમના પરિવારજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી. સરપટ નાકા બહાર નાગનાથ મંદિર પાસે રહેતા ચિંતન કાન્તિભાઇ રાજગોરએ મંગળવારે સવારે ૯ વાગ્યાના અરસામાં પોતાના ઘરે ઓઢણી વળે ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો બનાવ અંગે જાણ થતાં પોલીસને જાણ કરાઇ હતી એ ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો દર્જ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવ સંદર્ભે એ ડિવિઝનના રાજેન્દ્રસિંહ રાજપૂતનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે આપઘાત કરી લેનારા હતભાગી યુવકએ લખેલી સુસાઈડ નોટ મળી આવી હતી જેના પરથી પ્રાથમિક તપાસમાં ચિંતને પંજાબી યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા અને ચાર માસ અગાઉ પત્નીને પીયરે પંજાબ મૂકી આવ્યો હતો. પીયરીયા દ્વારા પત્નીને પરત મોકલતા ન હોવાથી તેના વિયોગમાં ચિંતને ગળે ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હોવાનું બહાર આવ્યું છે. જોકે હજુ ચિંતનની પત્નીનું નિવેદન લીધા બાદ આપઘાત પાછળનું સાચું કારણ બહાર આવશે, તેવું રાજેન્દ્રસિહે જણાવ્યું હતું. બીજી તરફ મુન્દ્રાના ટપ્પર ગામે છૂટક મજૂરી કામ કરી પેટિયું રળતા ભીખાલાલ આરબ કોલીએ મોંઘવારીનો માર ખમી ન શકતા આર્થિક સંકડામણને કારણે હતાશ થઇ કીટાણુ નાશક ઝેરી દવા ગટગટાવી લીધી હતી.ઘટનાને પગલે તેને તાત્કાલીક સરકારી હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરાઈ હતી, પરંતુ સારવાર મળે તે પહેલા તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું .સમગ્ર બનાવની તપાસ પીએસઓ મૂળજીભાઈ મહેશ્વરી કરી રહ્યા છે. ■

## ખેલ મહાકુંભમાં ૬૦ વર્ષની વૃદ્ધા સ્વિમિંગમાં પ્રથમ ક્રમાંકે



*ગોધરા:* રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભ દ્વારા નવા રમતવીરો શોધવાની કવાયત હાથ ધરી છે ત્યારે અતિ આધુનિક સ્વિમિંગ પુલમાં પદ્ધતિસરની તાલીમ મેળવીને પણ શહેર કે દેશનું નામ રોશન થતું નથી. ત્યારે પંચમહાલ જિલ્લામાં યોજાઇ રહેલા ખેલ મહાકુંભમાં ૬૦ વર્ષની વૃદ્ધાએ અપર ફોર્ટીની સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. રમતવીરની પ્રતિભા ગમે તે ક્ષણે બહાર આવે છે તેની સાથે સાથે આખું પરિવાર જ નદીમાં તરણ કરીને ગામ અને જિલ્લાનું નામ રોશન કર્યું છે. હાલમાં પંચમહાલમાં ખેલ મહાકુંભ યોજાઈ રહ્યો છે ત્યારે સ્વિમિંગમાં ગોધરા નજીકમાં આવેલા જૂની ધરી ગામના ૬૦ વર્ષની વૃદ્ધા ભાગ લેવા આવ્યા હતા. જેને જોઈને તમામ રમતવીરો અંચબામાં પડી ગયા હતા, પરંતુ પ્રોફેશનલ ગેમની કોઈ જાણકારી ન હતી. ત્યારે ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટસ ઓફિસરએ તેમને અટકાવ્યા હતા. ત્યારે ૬૦ વર્ષની વૃદ્ધાએ સાડી સાથે સ્વિમિંગ કરવાની જીદ પકડી હતી. અંતે મદદનીશ મહિલા સ્પોર્ટસ કર્મચારીની મદદથી સાડીને કાછડામાં ફેરવી હતી. બાદમાં ૫૦ મીટરની બેક સ્ટ્રોક સ્વિમિંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ■

## પાલિતાણામાં કૂતરાં અને ભૂંડોનો ત્રાસ અસહ્ય બન્યોઃ તંત્ર મૌન

*પાલિતાણા:* પવિત્ર તીર્થનગરી પાલિતાણામાં છેલ્લા ઘણા સમયથી રખડતા કૂતરાનો ત્રાસ ઘણો વધી જવાથી આમજનતા ભારે પરેશાન થઈ રહી છે. વળી કૂતરાના વધતા જતા ત્રાસને અટકાવવા માટે સ્થાનિક સત્તાવાળાઓ તરફથી કોઈ નક્કર પગલાં પણ લેવાતા ન હોવાથી જનતામાં ભારે રોષની લાગણી છે. પાલિતાણામાં કૂતરાઓ અને ભૂંડનો ત્રાસ દિવસે ને દિવસે વધી રહ્યો છે. ખાસ કરીને સાઈકલ સવાર કે મોટરસાઈકલ સવારની પાછળ રખડતા કૂતરાઓ દોડે છે. તેમ જ કૂતરા કરડવાના પણ અનેક બનાવો બનેલા છે. રાત્રીના એકલ-દોકલ વ્યક્તિને આ કૂતરા નિશાન બનાવી રહ્યા છે. શહેરમાં કૂતરાના ત્રાસની સાથોસાથ ભૂંડનો પણ ત્રાસ વધ્યો છે. નાના બાળકોની પાછળ ભૂંડ દોડે છે તેમ જ નાના બાળકોને ભૂંડ કરડવાના બનાવો પણ બની રહ્યા છે. તંત્રવાહકો પાલિતાણાની જનતાને કૂતરા અને ભૂંડના ત્રાસમાંથી છોડાવે તેવી લોકમાગ ઊઠી છે. ■

## ખાંભાના મોટા સમઢિયાળા ગામમાં ઊલટી ગંગા

*ખાંભા:* ખાંભાના ઇગોરાળા, અનિડા બાદમાં મોટા સમઢિયાળા ખાતે નર્મદા રથ યાત્રા પહોંચી હતી. ત્યારે જિલ્લા પંચાયતના મહિલા સદસ્યની આગેવાનીમાં મોટી સંખ્યામાં મહિલાઓ થાળી અને વેલણ ઉપરાંત કાળાવાવટા લઇ ઊભી હતી ત્યારે જોરદાર વિરોધ કરવામાં આવ્યો હતો. અને નરેન્દ્રભાઈ મોદી હાય હાયના નારા લગાવવામાં આવ્યા હતા. બાદમાં મોટા સમઢિયાળાના કોંગ્રેસ મહિલા સરપંચનો પુત્રએ વિરોધ કરનારા મહિલાઓને બે હાથ જોડી દૂર ઊભા રહી વિરોધ કરવા માટે વિનંતી કરતા આખરે નર્મદા રથયાત્રાને ગામમાં પ્રવેશ કરવા દીધો હતો.ત્યારે ત્યાં હાજર અન્ય કોંગ્રેસ કાર્યકર્તા અને પાસના કાર્યકરો પણ આમ કોંગ્રેસ સરપંચના પુત્રના હાથ જોડી નર્મદા રથયાત્રા ગામમાં આવવા દેવા માટેના સમર્થનથી અચંબામાં પડી ગયા હતા. બાદમાં જે નક્કી થયેલા સ્થળ ઉપર રથને લઇ જવામા આવ્યો હતો. કોંગ્રેસના અન્ય કાર્યકર્તાઓને કટાક્ષમાં વિકાસ ગાંડો થયો છે, તેવું કહેતા ભાજપના કાર્યકર્તા મળ્યા હતા ત્યારે આ બાબતે જિલ્લા કોંગ્રેસ નેતાગણ દ્વારા પણ ટેલિફોનિકનો મારો ચલાવવામાં આવ્યો હતો. કોંગ્રેસ સરપંચના પુત્રએ જણાવેલ કે મેં માત્ર હવે વિરોધ થઇ ગયો ઘરે જવા માટે હાથ જોડી વિનંતી કરી હતી. ■